## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તબીબો પાસેથી હું નિકળ્યો,દિલની દવા લઈને,
જગત સામે ઉભું હતું, જખ્મો નવા લઈને.!
- બરકત વિરાણી 'બેફામ'

### પાથેય

- રમેશ ઠક્કર

## મિલનસાર માણસો...!

પરપીડન માણસને સતાવતી સનાતન સમસ્યા છે.માણસ ઠોકર ખાય છે,પીછેહઠ અનુભવે છે કયારેક ગડથોલિયું પણ ખાઈ જાય છે..આ બધાની સામે એ ઘણીવાર ટટ્ટાર બનીને ઊભો રહી જાય છે.મુશ્કેલીઓમાંથી તો મથામણ કરી એ બહાર નિકળી જાય છે પણ નિષ્ઠુર જગત એની સામે નવા પડકારો લઈને ઉભું જ હોય છે.માણસ એક એવું પ્રાણી છે જે બીજાને દુઃખી જોઈ સુખ અનુભવે છે ! એના મિલનસારપણામાં પણ છુપાયેલો દ્વેષ જોવા મળે છે. આ વિડંબના જ કેટલાક લોકોને વધારે મક્કમતાથી જિંદગી જીવવાનું બળ પુરૂં પાડી છે...કેટલાક લોકો આવા પ્રતિભાવો થકી ડઘાઈ જાય છે..હારી જાય છે..માણસની આ વૃત્તિ પાછળ જે મહત્વનું પરિબળ પડેલું છે એ છે અન્ય માટેનો તેજોદ્વેશ.

તેજોદ્વેશ એટલે કે ઈર્ષા અકારણ આકાર પામે છે. તેજોદ્વેષનું કોઈ કારણ હોતું નથી.બતૌર માણસ ઈશ્વરે આપણને કેટલું ઐશ્વર્ય આપ્યું છે..હૈયું, મસ્તક, હાથ...બહુ દઈ દીધું નાથ..જા ચોથું નથી માગવું..આવી ખુમારી ને બદલે માણસ અન્યની સાથે સરખામણી કરતો રહે છે ત્યારે, એ ઝંખવાણો પડી જાય છે. યક્ષપ્રશ્ન એ રહે છે કે એક માણસ બીજા માણસ માટે અસૂયા શું કામ રાખતો હશે! શેકસપિયરે જેને ભૂરી આંખોવાળી (blue eyed) કહી વર્ણવી છે એ. જેલસી એ રામાયણમાં મંથરા બની કાળો કેર વર્તાવ્યો હતો..એ ચિરકાલીન જ નહી સર્વકાલિન છે..કૂથલી થકી એ પ્રગટે છે અને વાંકાપણાથી વિકસે છે.

માનવમનની આ નબળાઈ વિશે કોઈકે સરસ લખ્યું છે 'ઈર્ષ્યા એટલે તમારી પાસે જે છે, તે જતું ન રહે તેનો ડર અને બળાપો એટલે જે બીજા પાસે છે, પણે તમને જેની કમી છે તે. તમારો પતિ કોઈ સ્ત્રીની સુંદરતાથી ખેંચાઈને એની સાથે વાતોએ વળગે તો એ ઈર્ષ્યા, પણ તમને એ સ્ત્રીનો હાઈ હિલ્સમાં ચાલવાનો કોન્ફિડન્સ ગમે તો એ બળાપો. શેક્સપિયરના નાટકમાં ઓથેલોને ડેસડેમોનાની ઈર્ષ્યા છે પણ લોગોને ઑથેલોથી બળાપો છે.' એક માણસ બીજા માણસ સામે કારણવગર ઘૂરકિયાં કરતો રહે એ માનવ સ્વભાવનું સૌથી મોટું આશ્ચર્ય છે.

લાંબા નાકવાળો માણસ અભિનેતા કઈ રીતે બની શકે? ખરાબ અક્ષરવાળો માણસ સાક્ષર બની ગયો...કે ગઈકાલ નો મુફલિસ આજે માલેતુજાર બની ગયો...આવું કારણવગર કોઈને ડંખે એનું નામ તેજોદ્વેષ...એવું કહેવાય છે કે ઈર્ષ્યા એ લઘુતાગ્રંથીમાં થી અવતરે છે અને અસહિષ્ણુતા થી ત્રાટકે છે..એ સામેની વ્યક્તિ ને જે નુકશાન કરે છે એટલું જ પોતાને પણ કરતી હોય છે..આમછતાં આવી ખુવારી માણસ ને ગમતી હોય છે..ઘણીવાર તો કારણ વગર માણસ કોઈકના ઈર્ષાજવરનો શિકાર બની જાય છે...અને અકારણ કોઈકની કૂથલી થકી કરમાઈ જાય છે...

માનો કે માણસજાતનો આ જ સ્વભાવ છે..આશજ અભિગમ છે અને આ જ જો વાસ્તવિકતા હોય તો પછી ઉપાય શું હોઈ શકે ? આઠે પહોર ઠાઠમાઠથી નિજાનંદમાં જીવવું એ કદાચ આની સામેનો શ્રેષ્ઠ પ્રતિકાર હોઈ શકે..જગત જો જખ્મો આપે તો એની સામે સહનશક્તિ ઢાલ ધારણ કરવી પડે છે..જે જે ઉપાધીયોગ પ્રાપ્ત થતો રહે એને સમાધિયોગમાં ફેરવી વધારે મકકમ બનતા રહેવું જોઈએ.જગતના આ ઘાવ માટે મોજમાં રહેવું એ જ મલમ હોઈ શકે. 'કલાપી'ની માફક હમારા રાહ ન્યારા હૈ... કહેનાર જ આવી અડચણોને આસાનીથી પાર કરી શકતા હોય છે!!

# 'આપ'ની મથામણની પ્રયોગશાળા બની શકે

આગામી સમયગાળા દરમિયાન આવી રહેલ વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતમાં આમ આદમી પાર્ટી યેનકેન પ્રકારેણ એન્ટ્રી મારવા કૃતસંકલ્પ છે. ઉત્તરપ્રદેશની ભવ્ય જીત પછી ભાજપના નેતાઓ વધુ પડતા આત્મવિશ્વાસમાં આવી ગયા છે તે સાચું. એ ઘટનાનો મનોવૈજ્ઞાનિક લાભ પણ એમણે સાંપડશે જ, કારણ કે મતદાતા પાસે કદાચ ભાજપ સિવાય બીજે મત નાખવો એ મત બગાડવા જેવું લાગવા માંડ્યુ છે. કોંગ્રેસના ધારાસભ્યો જીતી ગયા પછી કયારેક લોભલાલચમાં કેસરિયો ખેસ પહેરી લેશે એની કશી ખાતરી નથી. સુરતમાં 'આપ'ના નિશાન પર ચૂંટાયેલા કોર્પોરેટરોએ એક પછી એક ઝાડું ફેંકી દઈ કમળમાં સમાઈ જવાનો નિર્ણય કર્યો એથી પ્રજાને આમ આદમી પાર્ટી પ્રત્યે પણ અવિશ્વાસ ઊભો થયેલો છે. પરંતુ આવી વિષય પરિસ્થિતિ છતાં કેજરીવાલનો આત્મવિશ્વાસ ખંડિત થયો નથી. દિલ્હીના મર્યાદિત રાજકારણમાં પ્રવેશ કરવા માટે આ એક સમયના આયકર અધિકારીએ આંદોલનનો વિનિયોગ કર્યો હતો. એમના કટ્ટર પ્રતિસ્પર્ધી કિરણ બેદી ભાજપમાં જોડાઈને એમની સામે મુખ્યમંત્રી પદનાં ઉમેદવાર બની મેદાનમાં ઊતર્યાં ત્યારે પણ કેજરીવાલને જ દિલ્હીના મતદાતાનું સમર્થન સાંપડ્યું હતું. પરંતુ કેજરીને એમની રાષ્ટ્રીય મર્યાદા નરેન્દ્ર મોદી વિરુદ્ધ વારાણસીમાં ચૂંટણી લડતાં સુવિદિત થઈ ગઈ હતી. છતાં ધીમી ગતિએ તેઓ 'ઝાડુ' ને દેશવ્યાપી બનાવવા પ્રયાસરત રહ્યા છે. કુમાર વિશ્વાસ જેવા વિશ્વાસુ મિત્ર દ્વારા રાષ્ટ્રદોહના આરોપ છતાં પંજાબની 'ભોળી' પ્રજાએ 'આપ' ને સ્વીકાર્યું બલકે બમ્પર મેજોરિટી આપી દીધી એ પછી આ મહત્ત્વાકાંક્ષી નેતાનો આત્મવિશ્વાસ સાતમા આસમાને ન પહોંચે તો જ નવાઈ. મુદ્દે તેઓ હવે 'આપ'ને કોંગ્રેસના વિકલ્પે જયાં જયાં કોંગ્રેસ જ એક માત્ર ભાજપ સામે ટક્કર લેનારો પક્ષ છે ત્યાં 'ઝાડું' ઘુસાડી પોતાની સ્થિતિ મજબૂત કરવા માગે છે. 'આપ'ના ગુજરાતના નેતાઓ કોઈ સાર્વજનિક પ્રતિભાઓ નથી કે નથી એમની કોઈ સેલીબ્રિટી ઈમેજ. થોડા ગાયક - કલાકાર જેવા અડૂકદડૂકિયા આવી ગયેલા એ પણ લાલચ કે ધાક ખાઈ જઈ શાસક પાર્ટીના શરણે જતા રહ્યા છે. આમ છતાં કેજરીવાલની ગુજરાત - ઝંખના શમી નથી. પંજાબમાં જે રીતે વીજળી સહિતના મુદ્દે દિલ્હી મોડલ રજૂ કરીને કોંગ્રેસનો સફાયો કર્યો અને ભાજપને તો સાવ જ હાંસિયે ધકેલી દીધું એ જ સ્ટાઈલમાં તેઓ ગુજરાત પર કબજો જમાવવાં એવાં માથાં શોધી રહ્યા છે જે વિવાદાસ્પદ ન હોય, પ્રજામાં મૂઠી ઊંચેરી પ્રતિષ્ઠા ધરાવતાં હોય અને આર્થિક સંદર્ભે પણ સંપન્ન હોય. મહેસ સવાણી આવી જ એક ઉદાત્ત પ્રતિભા હતા. પરંતુ એ પણ ફસકી ગયા છે. ત્યારે હવે ખોડલધામના કર્તાહર્તા સમાહર્તા અને પાટીદાર સમાજના સર્વમાન્ય અગ્રણી નરેશ પટેલ તથા પાટીદાર આંદોલનના ઝુઝારુ યુવા નેતા હાર્દિક પટેલને 'આપ'માં સામેલ કરી કેજરીવાલ એક નવો દાવ ખેલવા ઈચ્છતા હોય એમ લાગે છે. કોંગ્રેસની દારુણ પરિસ્થિતિમાં શક્તિસિંહ ગોહિલ કે ભરતસિંહ સોલંકી અને વર્તમાન પ્રદેશ પ્રમુખ માત્ર ક્ષત્રિય મતદારોને જ આકર્ષી શકે એમ છે. ભાજપ પાસે હિંદુત્વનું અજર-અમર સર્વકાલીન વિજયકાર્ડ છે. આવા સંજોગોમાં 'આપ' કશા જ જનાધાર સિવાય માત્ર નરેશ પટેલ કે હાર્દિક પટેલના નામે વૈતરણી તરી શકે એમાં માલ નથી. ભારતીય જનતા પાર્ટી પાસે રાષ્ટ્રીય નેતાગીરી છે, વિકાસ ઉપરાંત છેક પાયા સુધીના પેજ સંગઠનનું બળ છે. પાટીલ જેવા કુનેહબાજ સંગઠક અને અતિ વિશળ આર્થિક સમૃદ્ધિ છે. હવે જયારે કોંગ્રેસ પરથી પ્રજાનો ભરોસો ઊઠી જાય એવી સ્થિતિ સરજાઈ છે ત્યારે 'આપ' ભાજપ સામે કોંગ્રેસના વિકલ્પે એક વિરોધ પક્ષ તરીકે કાઠું કાઠે તો નવાઈ નહીં લાગવી જોઈએ. નરેશ પટેલને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે રજૂ કરવાની રાજનીતિ જરૂર પાટીદાલ સમાજના મતો ખંખેરવા ખપ લાગી શકે. પરંતુ નરેશ પટેલ પણ 'આપ' અને કોંગ્રેસ બેઉ તરફથી મળતા સુભગ સંકેતો છતાં રાજકારણનાં જોખમો જાણે છે. એકવાર કોઈ પાર્ટીનું લેબલ સ્વીકારી લીધા પછી આખેઆખા સમાજ એમના જ પગલે ચાલવાનું સ્વીકારશે એવી શક્યતા ઘણી ઓછી છે.

**તંત્રીસ્થાનેથી...**

# બંનેની આંખમાં જાણે હોળી-ધૂળેટીના પર્વ નિમિત્તે સંભારણાનું અજવાળું રેલાયું

'દોસ્તો, આજે તમને એક વાર્તા કહેવી છે, એવી વાર્તા જેનો આરંભ છે પણ અંત નથી, જેના પાત્રો સીદા નજરે ન દેખાય પરંતુ મારી ને તમારી અંદર એ પાત્રો કયાંક ને કયાંક શ્વસે છે...'

એક પ્રાકૃતિક સ્થળે યોજાયેલી વાર્તા શિબિરમાં નવોદિત લેખકોને સંબોધતા ફાગુને કહ્યું, ફાલુનનું નામ સાહિત્ય વિશ્વમાં અને કલા જગતમાં પ્રથમ હરોળમાં લેવાતું હતું અને એના સર્જકો થકી ફાગુને શ્રોતા - વાચકના મનમાં એક વિશેષ આદરપૂર્ણ નામ પ્રાપ્ત કર્યું હતું. નિયમિતરુપે એ પ્રવચનો પણ આપતી રહેતી હતી. આજે આવી જ એક શિબિરમાં એ સંબોધન કરી રહી હતી. ફાગુને થોડી પ્રાસંગિક વાતો અને પ્રાસંગિક પરિચય પછી વાર્તા શરૂ કરી.

એક છોકરી હતી, યુવા અવસ્થામાં પહોંચી ગઈ હતી એટલે સ્વભાવમાં ને વ્યવસાયમાં સહજ અલ્લડપણું, મસ્તી, પ્રેમ અને વિવેક એનામાં ઝલકતા હતા.

હૃદયમાં ઉમડતા ભાવો એને જાણે પતંગિયું બનીને આમથી તેમ ઉડાડતા હતા, મેઘધનુષના રંગો હોય કે સાગર ને પર્વતનું સંગીત હોય, એને બહુ ગમે એનું નામ ? નહીં કહું... છે જ નહિ... એ મારી ને તમારી અંદરજ જીવે છે...

એક છોકરો હતો, એના જ ગામમાં રહેતો હતો, અપર મીડલ કલાસનો ઉછેર એટલે પોતાની જવાબદારી પણ સમજે અને જીવનના આનંદને પણ માણે... અભ્યાસમાં અને સ્ટેજની પ્રવૃત્તિમાં હંમેશા આગળ રહે... એનું યે નામ નહિ કારણ કે એ પણ તમારા પૈકીના તમામ લોકોમાં કયાંક શ્વસે છે.




ફાગુન જરા અટકી એટલે શ્રોતાઓમાં એકે જરા સહજ મસ્તીથી પૂછ્યું... કહો કે કહ્યું.... 'ગુજરાતી કાવ્ય સંગીતનું પેલું ગીત યાદ આવી ગયું... કાચો કુંવારો એક છોકરો હતો ને એક છોકરી હતી ને વાત ચાલી એવી તો વાત ચાલી...' ને બધા સહજ હસી પડયા... વાર્તા આગળ ચાલી.

એ છોકરો ને છોકરી બંને એક જ સોસાયટીમાં રહેતા હતા, છોકરી બે-ત્રણ મહિના પહેલા રહેવા આવી હતી, પણ કયાંયે મળ્યાનું સ્મરણ ન હતું... એવામાં આવ્યો રંગોત્સવ... હોળી - ધૂળેઠીનો તહેવાર.... સોસાયટીના ગ્રાઉન્ડમાં હોળી પ્રગટાવવામાં આવી હતી, સહુ હોળી માતાની પ્રદક્ષિણા કરતા હતા અને ફરતી પાણીની ધાર કરતા હતા.... એમાં પેલી છોકરીથી અજાણતા પાછળ આવી રહેલા પેલા છોકરાના પગ પર પાણીની ધાર પડી ગઈ... એને ખ્યાલ આવ્યો - પાછળ એક નજર માંડી... હજી સોરી કહેવા જાય ત્યાં પેલા છોકરાએ જ સામેથી કહી દીધું, 'ઈટસ્ ઓકે.... નો આંખોથી આંખો મળી... કંઈક અકથ્ય બંનેને અનુભવાયું.... રાત્રે બંનેના ચિતમાં કઈક કઈક જુદું ફીલગુડ ફેકટર જેવું અનુભવાતું હતું. સવારે છોકરીના ઘરે પડોશીઓ ધૂળેટીનો રંગ લઈને આવ્યા ત્યારે એ છોકરી ગોતતી હતી પેલા છોકરાને. એ આવ્યો, એણે પણ ગુલાલ છાંટ્યો, પાણીની પીચકારી મારી... ફરી આંખો ચાર થઈ... થોડો સમય સાથે રહ્યા - પિકનિક - સિનેમાને - હોટેલ્સ ને ભણવાનું ને લગ્ન પ્રસગે...' ત્રણ ચાર વર્ષ વીતી ગયા....બંને રિલેશનશીપમાં હતા કે નહીં ? બંને વચ્ચે મૈત્રી હતી કે લગ્ન સુધી જવાની તૈયારી હતી ? બંને પછી કયાંયે કયારેક મળ્યા કે નહિ ? બંનેને એ ધૂળેટીમાં થયેલી સંવેદનાને શું કહેવાય ? આ અને આવા અનેક પ્રશ્નો છે, જેનો ઉત્તર શ્રોતાએ નક્કી કરવાનો છે, એટલે જ કહ્યું હતું કે વાર્તાનો આરંભ છે, વિરામ નથી.... વાર્તાના પાત્રોમાં કયારેક આપણને આપણી સંવેદના, આપણી અનુભૂતિ સ્પર્શે, સ્મરણો યાદ આવે, રંગો - પિચકારીની ધાર- લાગણીનો પ્રવાહ - કંઈક અનુભવાયા. એ પ્રસંગની એ ઘટના... એ પાત્ર... તો વાર્તા તમારી છે. નહિતર એ કોઈકની છે....'

બસ આટલું કહીને ફાગુને વાર્તા પૂરી કરી, બધા જ શ્રોતાઓએ એને વધાવી, સંવાદ કર્યો, વાતો કરી, પછીથી પ્રિન્સિપાલની ઓફિસમાં ગયા... રાજીપા સાથે છૂટા પડ્યા... ગાડીમાં બેસી ત્યારે એજ કૉલેજમાં લેકચરર એવી એની બાળ સખી ફોરમ પણ સાથે હતી. ફોરમે રસ્તામાં કેસુડાને ગુલમહોરના વૃક્ષો આવ્યા ત્યારે ગાડી ઊભી રખાવીને ફાગુનને કહ્યું, 'આ ફુલોમાં જે રંગ છે એવા જ રંગો તને છાંટનાર એક છોકરો તને પણ યાદ આવ્યો હતો ને ? વાર્તા કહેતા કહેતા... ને બંનેની આંખમાં જાણે હોળી-ધૂળેટીના પર્વ નિમિત્તે સંભારણાનું અજવાળું રેલાયું.'

### દિન મહિમા

- ગુરુ હનુમાન, કાંશીરામ, સુનેત્રા ગુપ્તા, સંદિપ ઉન્નિકૃષ્ણનની જન્મજયંતિ.
- રાધાકૃષ્ણ ચૌદરી, ગોવિંદન અરવિંદન, નારાયણ દેસાઈની પુણ્યતિથિ.

આજનું

### ઔષધ

- મધમાખીના ડંખ ઉપર તપકીર અથવા ઝીણી કરેલી તમાકુ ચોપડવાથી પીડા મટે છે.

### ખડખડાટ

- ટ્રેનમાં બેઠેલી મહિલા વારંવાર એક જ વાત બોલતી હતી : જલ્દી ખાઈ લે બેટા નહીં તો આ બાજુવાળા અંકલ હલવો ખાઈ જશે.
ઘણી વાર પછી બાજુવાળા ભાઈ બોલ્યા, બહેનજી તમારે જે નિર્ણય લેવો હોય તે જલ્દી લ્યો. તમારા આ હલવાના ચક્કરમાં હું ચાર સ્ટેશન આગળ આવી ગયો છું.

આજનો

### વોટ્સએપ

- જિંદગીની યાદોમાં એ યાદોને યાદ રાખવી જે યાદોને યાદ કરવાથી જિંદગી યાદગાર બની જાય.

# રલિવ....ગલિવ...યા...ચલિવ... ધર્મ પરિવર્તન કરો...મરી જાવ... અથવા ભાગી જાવ

The kashmir files પિક્ચર તો જ જોવા જવું જો તમારામાં સત્ય જોવાની તાકાત હોય.

આ ફિલ્મ તો જ જોવા જવી જો તમે લોહી જોઈ શકતા હો.

આ ફિલ્મ તમારે તો જ જોવી રહી જો તમે સાચા હિંદુ હો. આ ફિલ્મ તમારે તો જ જોવી રહી જો તમે સાચા અર્થમાં અને સાચા પરિપ્રેક્ષ્યમાં કાશ્મીરને સમજવા માગતા હો. આ ફિલ્મ તમારે તો જ જોવી જો તમે ખોટી બિનસાંપ્રદાયિકતાની પીપુડી ના વગાડતા હો. આ ફિલ્મ તમારે તો જ જોવી જ્યારે તમે કહી શકતા હો કે આતંકવાદનો ધર્મ એક જ છે.

આ ફિલ્મ તમારે ત્યારે જ જોવી જ્યારે તમે આંખોમાંથી બહાર ન આવેલા અશ્રુને લાવા બનાવી દેવા માગતા હો.આ ફિલ્મ તમારે ત્યારે જ જોવી જ્યારે તમે ખોટાને ખોટું કહી શકવાની તાકાત ધરાવતા હો.

આ ફિલ્મ તમારે ત્યારે જ જોવી જ્યારે તમે બિનસાંપ્રદાયિકતાની લાલ જાજમ નીચે છુપાવી દીધેલા હિન્દુઓના રક્તને જોઈ શકવાની દૃષ્ટિ ધરાવતા હો. આ ફિલ્મ એક એવી ડોક્યુમેન્ટરી છે જેને આજ સુધી આપણાથી છુપાવવામાં આવી હતી. આ ફિલ્મ તમારે તો જોવી જ્યારે તમે ખુલ્લા હૃદયે, ખુલ્લા અવાજે અને ખુલ્લા મને કાશ્મીરના પંડિતોને સપોર્ટ કરી શકતા હો. આ ફિલ્મ એ લોકોએ તો બિલકુલ ન જ જોવી કે જેઓ માત્ર મનોરંજનને ખાતર વાસ્તવિક ન હોય તેવી દુનિયા જોવા માટે ૪૦૦-૪૦૦ કરોડ રૂપિયા ફાલતુ ફિલ્મને કમાણી કરાવી દેવા માગતા હોય.

આ ફિલ્મ એવા દર્શકોએ ન જોવી જેઓ ફિલ્મમાં દ્વિઅર્થી સંવાદો શોધતા હોય. અહીં પંડિતોની એવી મૂક આજીજી અને મૂંગી ચીસો પાડતા બરાડા છે જેને સમજવા માટે કોઈ ડાયલૉગની જરૂર નથી પડતી. આ ફિલ્મમાં ક્યાંય કર્ણપ્રિય સંગીત કે પછી ઢંગધડા વગરના રેપ ડિસ્કો ડાન્સ વાળા ગીતો નથી. આ ફિલ્મમાં શાંત જેલમની અંદર ડૂબાડી દીધેલા હજારો પંડિતોની એવી ચીસો છે જે સાંભળવા માટે તમારી પાસે સંવેદનશીલ કાન હોવા જોઈએ. આ ફિલ્મમાં દરેક ચરિત્રોના એવા હાવભાવ છે જેને જોવા સમજવા માટે તમારી પાસે ઋજુ હૃદય અને સજળ નેત્રો હોવા આવશ્યક છે.

આ ફિલ્મમાં કહેવાતો કોઈ મોટો દંભી કલાકાર નથી. પણ નાનામાં નાના ચરિત્રએ હિન્દુ પંડિતોની જે વ્યથા રજૂ કરી છે તે હચમચાવી દે છે.




આ ફિલ્મમાં હીરોની એન્ટ્રી વખતે સીટી વગાડવાનો કોઈ અવકાશ નથી. કારણકે ફિલ્મ જોતી વખતે શ્વાસોશ્વાસના પણ અવાજ સંભળાય તેવી નીરવ નિસ્તબ્ધતા વ્યાપેલી હોય છે. મોઢાના શબ્દો થીજાઈ જતાં હોય તેવા દશ્યો છે. નગ્ન સત્ય દેખાડતું અને એક પ્રકારની જાગૃતિ લાવવાનું કાર્ય કરતું આ ચલચિત્ર છે. આજે નહીં જોઈએ-સમજીએ તો મોડું થઈ ચુક્યું હશે.

ફિલ્મના કેટલાંક દશ્યો કે જે રાત્રે ઊંઘવા નથી દેતા.

એક પત્નીને પતિના લોહીવાળા ચોખા ખવરાવવામાં આવે.

એક હિન્દુ માતાને તેના બાળકની સામે જ લાકડાની લાટીમાં આરીથી ઊભી કાપી નાખે.

મસ્જિદોમાંથી અજાનના સ્થાને ધમકી આપવામાં આવે કે દરેક હિન્દુ કાશ્મીર છોડીને જતા રહે, પોતાની સ્ત્રીઓને અહીં જ રાખીને જાય જેથી અમે તેમના દ્વારા અમારો વંશવેલો આગળ વધારીએ.

તે વખતના કાશ્મીરના મુખ્યમંત્રીનો આતંકવાદીઓ સાથેનો સીધો સંપર્ક દેખાડે.

તે વખતે કેન્દ્ર સરકારના આંખ આડા કાન કરીને લાખો હિંદુઓને ભગવાન ભરોસે છોડી દેવાની દોગલી અનીતિ.

મોટી-મોટી યુનિવર્સિટીઓના ડાબેરી માનસિકતા ધરાવતા પ્રોફેસરોને ચોક્કસ પ્રકારના નેરેટિવને જ યુવાનો સમક્ષ પીરસતા જોઈને કંપારી છૂટી જાય...

અનુસંધાન પાના નં. ૭ પર

# સ્વદેશીના શંખનાદ સાથે હવે જગતને નવા ભારતનું નિર્માણ પડઘાય છે

જ્યારે કોઈ નિર્દયતાથી ગળુ કાપી રહ્યો હોય અને હસતા હસતા તમે કહો કે, 'ભાઈ, જરા ધીમે કરવતી ફેરવલ્ તો કેવું લાગે ! ગમે કે ન ગમે પણ સ્વદેશી અને વિદેશી ચીજ વસ્તુઓના ઉપયોગ પાછળની સચ્ચાઈ આ છે. ભારતની સ્વાતંત્ર્ય ચળવળ વેળા બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે દેશ આખામા આક્રોશ હતો. પ્રત્યેક ભારતીય ઈંગ્લેન્ડના ઉત્પાદનો સામે ખુન્નસથી જોતા. બ્રિટનના કપડા, કોસ્મેટિક્સ, હાઉસ હોલ્ડ એપ્લાયન્સીસ વગેરે સામે જબરજસ્ત વિરોધનો વંટોળ હતો. લોકોના હૃદયમાં ગાંધીજીના સ્વદેશીના વિચારોના મુળીયા ઊંડે સુધી ઉતરી ગયા હતા. સ્વદેશી વિચાર દેશદાઝનો પર્યાય બની ગયો હતો. આઝાદી પછી ધીમે ધીમે સ્વદેશીનો વિચાર ઘસાવા લાગ્યો. આવો જ એક ઉભરો બે-ચાર વર્ષ પહેલાં ચીન સામે જોવા મળ્યો. ગલવાન ઘાટીમાં બનેલી ઘટનાએ ભારતીયોને ફરી એકવાર ઢંઢોળવાનું કામ કર્યું. વોટ્સએપ મેસેજીસ અને ફેસબુક પોસ્ટમાં દેશપ્રેમનું અને સ્વદેશી ચીજવસ્તુના ઉપયોગનું વાવાઝોડું ફૂંકાયું. ચાઈનીઝ ચીજવસ્તુના બહિષ્કારની આંધી ઊઠી. ભારતમાં ચીની કોઈ વસ્તુ ન વેચાય, ચીનને આર્થિક રીતે તોડી નાખવું છે વગેરે જેવા ખ્યાલો સાથે ભારતીય નાગરિકો સોશિયલ મીડિયા ઉપર મચી પડ્યા હતા.

સ્વદેશી ભાવના શબ્દોમાં સારી લાગે પણ ખાટલે મોટી ખોડ એ છે કે, આપણે અમલીકરણમાં મોળા પડીએ છીએ. વાતો કંઈક કરીએ છીએ અને વર્તન બીજુ હોય છે. રશિયામાં મિખેઈલ ગાર્બોચોવ રાષ્ટ્રપ્રમુખ થઈ ગયા. એમણે ગ્યાસનેસ-પેરેસ્ટ્રાઈકાની મજબુત ફિલોસોફી રશિયન સામ્યવાદીઓને સમજાવી. ગાર્બોચોવ રાજનેતા કરતા વિચારક અને ચિંતક વધારે હતા. એમણે એમના અભયાસ કાળ વેળાએ એક મજાનો પ્રસંગ એમની ઓટોબાયોગ્રાફીમાં લખ્યો છે. ગાર્બોચોવ યુરોપિયન દેશમાં એમના ઉચ્ચ અભ્યાસ માટે હતા ત્યારનો એ પ્રસંગ છે. એમના ક્લાસમાં બે જાપાની વિદ્યાર્થીઓ પણ હતા. એ જમાનામાં વિદ્યાર્થીઓમાં પેન્સિલથી લખવાનો મહિમા હતો. બધા વિદ્યાર્થીઓ યુરોપમાં બનતી પેન્સિલનો ઉપયોગ કરતા. એની પાછળનુ કારણ એ હતું કે, ઈંગ્લેન્ડમાં બનતી પેન્સિલ ઘણી સારી અને ઉત્તમ હતી. પરંતુ એમના ક્લાસના બે જાપાનીઝ વિદ્યાર્થીઓ ઈંગ્લેન્ડની પેન્સિલના બદલે જાપાનીઝ પેન્સિલનો જ ઉપયોગ કરતા. જાપાનીઝ પેન્સિલ વારંવાર બટકી જતી. એક જાપાની વિદ્યાર્થી પેન્સિલની વારે ઘડીએ અણી કાઢતો અને બીજો વિદ્યાર્થી નોટ લખતો.

ગાર્બોચોવથી ન રહેવાયું એટલે આ જાપાની વિદ્યાર્થીઓને એમણે પૂછ્યું, 'તમે ઈંગ્લેન્ડની પેન્સિલથી કેમ નથી લખતા. એ સારી ક્વોલિટીની છે.લ્ ત્યારે આ જાપાની વિદ્યાર્થીઓએ કહ્યું, 'અમે માનીએ છીએ કે, અમારા દેશની પેન્સિલ ઈંગ્લેન્ડની પેન્સિલના મુકાબલે નબળી છે, પરંતુ આજે નહીં તો કાલે અમારા દેશની પેન્સિલ ઈંગ્લેન્ડ જેવી કે એનાથી પણ સારી બની શકે છે. એ કક્ષાએ પહોંચવા અમારે આજે તો અમારા દેશના ઉત્પાદનને મહત્વ આપી ખરીદવું જ રહ્યું.લ્ આને કહેવાય સ્વદેશી ભાવના અને રાષ્ટ્રપ્રેમ. અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાએ પણ સ્વદેશી ઉપર્ વિશેષ ભાર મૂક્યો હતો. એમણે તો સૂત્ર આપ્યું હતું કે, 'બી અમેરિકન, બાય અમેરિકનલ્. ઓબામાએ ભારતના સ્વદેશી વિચારને પોંખતા અમેરિકાના નાગરિકોને પદાર્થ પાઠ આપ્યો હતો કે, એક જમાનો હતો કે ભારત વિદેશી ચીજવસ્તુઓ ઉપર સંપૂર્ણ રીતે નિર્ભર હતું. પરંતુ આજે પરિસ્થિતિ પલટાઈ છે. નવા ભારતનું તેના નાગરિકો દ્વારા નિર્માણ થઈ રહ્યું છે.

અહીં એ વાતનો ઉલ્લેખ કરતા ગૌરવ થાય કે, ભારતના દીઘર્દ્રષ્ટા




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારતનો વિચાર વહેતો મૂકીને સ્વદેશી ભાવનાને વધુ જડબેસલાક રીતે હિન્દુસ્તાનની આમ જનતાને હૃદયમાં ઉતારવાનું ઉત્તમ પગલું ભર્યું છે. સ્વદેશીનો અર્થ એ નથી કે, તમામ વિદેશી ઉત્પાદનોનો આંખ મીંચીને વિરોધ કરવો. વાત માત્ર એટલી જ છે કે, દેશના ઉત્પાદનો પ્રતિ સન્માન કેળવાય અને સ્વદેશી ખરીદવાની માનસિકતા રાષ્ટ્રના પ્રત્યેક નાગરિકના મનમાં-હૃદયમાં વિકસે. દેશની ઉત્પાદન અને વેચાણ પોલીસી એવી હોય કે, જેમાં રાષ્ટ્રના ઉત્પાદકોનું હિત સર્વપ્રથમ સચવાય. આજે ભારતમાં દેશના ઉત્પાદકોના હિતના રખોપા કરતી અને સ્વદેશી ઉત્પાદનોને પોંખતી નીતિઓના પરિણામો દેખાઈ રહ્યા છે. કદાચ એટલે જ તત્કાલિન અમેરિકન પ્રેસિડેન્ટ ઓબામાએ ભારતના બદલાયેલા મિજાજનો ઉલ્લેખ કરવો પડ્યો.

લોકોની માનસિકતા અને વર્તનમાં બદલાવ ત્યારે જ આવે જ્યારે રાષ્ટ્રીય અને સ્થાનિક કંપની વચ્ચે સ્પર્ધા હોય ત્યારે સ્થાનિક કંપની ઉપર પસંદગીનો કળશ ઢોળાય. જ્યારે રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય કંપની વચ્ચે સ્પર્ધા હોય ત્યારે રાષ્ટ્રીય કંપનીને મહત્વ આપવામાં આવે. આ જ તો સાચી રાષ્ટ્રીય ભાવના અને રાષ્ટ્રપ્રેમ છે. વોટ્સએપ મસેજ અને ફેસબુક પોસ્ટમાં શબ્દો ચોક્કસ જરૂરી વાતાવરણ નિર્માણ કરે છે પરંતુ એની સાથે સાથે વાસ્તવિક ભૂમિ ઉપર વર્તનમાં પણ ભરપુર સ્વદેશી રાષ્ટ્રપ્રેમ ડોકાય એ પણ જરૂરી છે.

એકાદ બે મલ્ટીનેશનલ કંપનીઓના ઉદાહરણ સાથે સ્વદેશી ભાવના સમજવાની કોશિષ કરવા જેવી છે. ભારતમાં બહુ પ્રચલિત એમએનસી હિન્દુસ્તાન યુનિલિવર કંપનીનું ઉદાહરણ સમજવા જેવું છે. મૂળ બ્રિટનની યુનિલિવર આ કંપની. પરંતુ ભારતીય નાગરિકો હિન્દુસ્તાન યુનિલિવર કંપની આગળ હિન્દુસ્તાન શબ્દ જોઈને આ બ્રિટિશ કંપનીને ભારતીય કંપની સમજવાની ભુલ કરી બેસે છે. બ્રિટન અને હોલેન્ડની વ્યાપારી કંપનીઓએ દાયકાઓ પહેલા માત્ર ૨૪ લાખ રૂપિયામાં વ્યાપાર શરૂ કર્યો હતો. મારજીન અને લીવર બ્રધર્સે વર્ષ ૧૮૮૫માં હાથ મિલાવ્યા તે સમયે વિશ્વમાં લીવર બ્રધર્સ સનલાઈટ સાબુ બનાવતા હતા.




ત્યારબાદ વિશ્વના ૧૯૦ દેશોમાં આ કંપનીએ એના વ્યાપારના પગ પસાર્યા. એક રિસર્ચ કહે છે કે, આજે ભારતના ૧૦ ઘરમાંથી નવ ઘરમાં હિન્દુસ્તાન યુનિલિવરની કોઈને કોઈ પ્રોડક્ટ ઉપયોગમાં લેવામાં આવે છે. ફૂડ એન્ડ બેવરેજીસ, ક્લિનીંગ, પર્સનલ કેર અને ફાસ્ટ મુવીંગ કન્ઝ્યુમર જેવા ચાર ક્ષેત્રમાં હિન્દુસ્તાન યુનિલિવરની ૩૫ જેટલી પ્રોડક્ટસના ૭૦૦ મિલિયન ઉપરાંત ભારતીય ગ્રાહકો છે. આ કંપનીમાં ૨૧,૦૦૦ એમ્પ્લોય છે. મુંબઈમાં હેડક્વોટર ધરાવતી આ એમએનસીનું એન્યુઅલ સેલીંગ ૩૮,૭૮૫ કરોડ અને ૬,૭૩૮ કરોડ નફો રળે છે.

ભારતના ગામે ગામ અને શહેરોના લાખો કરોડો પરિવારોમાં ઘુસી ગયેલી હિન્દુસ્તાન યુનિલિવર સર્ફ એકસેલ, વીમ, લક્ષ, ફેર એન્ડ લવલી, અન્નપૂર્ણા આટા, કિસાન જામ, લેક-મે, પેપ્સુડંટ, ડવ, લાઈફ બોય, પોન્ડસ, વેસેલીન જેલ, ક્લોઝઅપ વગેરે પ્રોડક્ટ સાથે શાનથી આટલો વ્યાપાર એટલે કરે છે કે, દેશના લોકો સમજ વગર કે સમજ સાથે આ પ્રોડક્ટ હોંશે હોંશે ખરીદે જાય છે. તેલ, ટુથપેસ્ટ, સાબુ, લોટ જેવી ઘરગથ્થુ ચીજ વસ્તુઓ વેચવા માટે એચયુએલે જબરજસ્ત ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક ગોઠવ્યું છે. દેશના ૧.૩૦ લાખ જેટલા રીટેઈલ આઉટલેટ અને અનઓર્ગનાઈઝ આઉટલેટ પૈકી ૬૫ લાખ દુકાનો ઉપર હિન્દુસ્તાન યુનિલિવરનો માલ ઠલવાય છે અને ધુમ વેચાય છે. એચયુએલની પ્રોડક્ટની ખરીદીનો નફો સીધો બ્રિટન જાય એ સ્વાભાવિક સમજી શકાય એવી વાત છે. એચયુએલની કમાણીની દેશને અને દેશના વિકાસમાં કામ નથી આવતી. વળી આપણા દેશનું યુવા બૌદ્ધિક ધન આવી એમએનસી કંપનીઓમાં કામ કરવાનું ગૌરવ અનુભવે એ લટકાનુ. એચયુએલમાં ભારતીયતાનો સમ ખાવા પૂરતો પ્લસ પોઈન્ટ એટલો છે કે, એનો સીઈઓ ભારતીય બ્રિલિયન્ટ ગુજ્જુ સંજીવ મહેતા છે. આ માત્ર એચયુએલ પુરતી સીમીત વાત નથી, તમામ બહુરાષ્ટ્રીય કંપની માટે આ એટલી જ લાગુ પડે છે.

ભારતીય પ્રોડક્ટ અને આ વિદેશી એમએનસીસની પ્રોડક્ટની થોડી જાણકારી મેળવી લઈએ પછી નિર્ણય કરીએ કે, કઈ પ્રોડક્ટને ઘરમાં લાવવા જેવી છે. માત્ર સ્વદેશી છે એટલે નહીં પણ એની ગુણવત્તાના આધારે એને આપણા ઘરમાં સ્થાન આપવાનું વિચારવા જેવું છે. વિપ્રો, પાર્ક એવન્યુ, સ્વસ્તિક, આયુર, કેશ નિખાર, હેર એન્ડ કેર, નાઈસીલ, ડાબર, બજાજ, ગોદરેજ, વાટિકા વગેરે સ્વદેશી પ્રોડક્ટ છે. જ્યારે હેલો કોલગેટ પામોલિવ, લક્સ, ક્લિનિક પ્લસ, લેક-મે, ડવ, પોન્ડસ ઓલ્ડ સ્પાઈસ વગેરે વિદેશી એમએનસી પ્રોડક્ટ છે. કપડા ધોવાના સાબુની વાત કરીએ તો ટાટા શુદ્ધ, નિરમા, સહારા, સ્વસ્તિક, વિમલ, હિપોલીન, ઉજાલા વગેરે સ્વદેશી છે. જ્યારે સર્ફ, રીન, એરિયલ, ટાઈડ, વિમ, ઈઝી વગેરે વિદેશી એમએનસી પ્રોડક્ટ છે. ટાટા નમક, અંકુર, સૂર્ય, તાજા વગેરે ભારતીય ઉત્પાદન છે. જ્યારે અન્નપૂર્ણા આટા, આશીર્વાદ આટા, કિસાન, કેપ્ટન કૂક વગેરે વિદેશી બ્રાન્ડ છે.

આવી તો ઘણી પ્રોડક્ટ છે કે, જે વિદેશી બહુરાષ્ટ્રીય કંપનીઓ એના સોલીડ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક અને પબ્લિસિટી ટેક્ટીસીસથી ભારતીય નાગરિકોની જીવનશૈલીમાં વણાઈ ગઈ છે. વિદેશી વસ્તુઓનો વિરોધ કરવાનો અને સ્વદેશી વસ્તુઓ બળજબરીથી ખરીદવી એવું તાત્પર્ય ન હોઈ શકે પરંતુ પેલા બે જાપાની વિદ્યાર્થીઓની જેમ સ્વદેશી વસ્તુઓને પ્રાધાન્ય આપવામાં આપણને ગૌરવ કેમ ન થાય ? વેદકાલીન સમાજ વ્યવસ્થા અને ગ્રામ્ય આધારિત અર્થતંત્રની આપણી ગૌરવપૂર્ણ પરંપરા અનેક વિદેશી આક્રમણો થવા છતાં સદીઓ સુધી ભારતની વ્યાપારિક સમૃદ્ધિ બરકરાર રહી. અમેરિક પૂર્વ પ્રેસિડન્ટના વિચાર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પરિકલ્પના સાકાર કરવા 'બી ઈન્ડિયન, બાય ઈન્ડિયન અને વર્ક ફોર ઈન્ડિયન પ્રોડક્ટ'નું સૂત્ર વ્યાપક રીતે ફેલાય અને પ્રત્યેક ભારતીયના હૃદયમાં ઉતરે તો ફરી પાછું ભારત 'સોને કી ચીડિયાલ્ બની શકે. લોકલ ત્યારે જ ગ્લોબલ બની શકે જ્યારે પ્રત્યેક ભારતીય વોકલ બની ભારતીય પ્રોડક્ટની ડીમાંડ કરતા થાય. અને હાં, યાદ રહે કે, કોઈ પણ ગ્લોબલ પ્રોડક્ટ શરુઆતમાં તો લોકલ જ હોય છે.

**ધબકાર :**

**જ્યારે કોઇ પ્રોડક્ટ ખરીદીએ ત્યારે એમઆરપી અને એક્સપાયરી ડેટ એમ બે બાબત અવશ્ય જોઇએ છીએ એમાં ત્રીજી વાત ઉમેરી મેડ ઇન ઇન્ડિયા જોવાનુ રાખીએ તો કેવુ ?**